**નડિયાદમાં ભૂમાફિયાઓ બેફામ : કબ્રસ્તાન ચોકડી પાસે સ્લેબ ભરવા કોશિષ કરાય તેવી શંકા**

# નડિયાદમાં ગેરકાયદે બાંધકામની પેરવી

**મનપાની** ટીમે કામ અટકાવ્યા છતાં સ્લેબ ફોર્મવર્કનો સામાન હટાવવામાં ન આવ્યો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ભૂમાફિયા તત્વો દ્વારા કબ્રસ્તાન ચોકડી નજીક મનપાની માલિકીની જમીન પર ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ શરૂ કરાયું હતું, જેને મનપાની ટીમે અટકાવ્યું હતું, પરંતુ આ સ્થળેથી સ્લેબ ફોર્મવર્ક માટે લગાવાયેલો સામાન હજી સુધી દૂર કરવામાં આવ્યો નથી. જેથી મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

નડિયાદ મનપા હદમાં આવેલા કબ્રસ્તાન ચોકડીની સામે કેટલાક ભૂમાફિયાઓએ મહાનગરપાલિકાની જ જગ્યામાં ગેરકાયદેસર દુકાનો ઊભી કરવાનું કામ ચાલુ કર્યું હતું. આ મામલો સપાટી પર આવતા મનપાની ટીમે તાત્કાલિક સ્થળ પરથી અન્ય બાંધકામ સામગ્રી હટાવી દીધી હતી, જોકે દુકાનોના સ્લેબ ભરવા માટે ઊભા કરાયેલા ટેકા, પ્લેટો અને અન્ય ફોર્મવર્કનો સામાન હજી પણ યથાવત છે. ભૂતકાળમાં પણ આ જ પ્રકારે તત્કાલીન નગરપાલિકા તંત્રે સાંસદ સુવિધા કેન્દ્રની સામેની દુકાનોનું કામ અટકાવ્યું હતું. તે સમયે પણ સ્લેબ ફોર્મવર્કનો સામાન લગાવેલો જ રાખવામાં આવ્યો હતો અને કામ બંધ કરાવ્યાના ગણતરીના દિવસોમાં જ રાતોરાત સ્લેબ ભરવાનું કામ પૂરું કરી દેવાયું હતું.

વર્તમાન પરિસ્થિતિમાં પણ કબ્રસ્તાન ચોકડી સામેની દુકાનોમાં સ્લેબ ફોર્મવર્ક માટેનો સામાન દૂર ન થતાં, આગામી દિવસોમાં ભ્રષ્ટ અધિકારીઓ સાથે મિલીભગત કરી રાતોરાત સ્લેબ ભરીને બાંધકામ પૂર્ણ કરી દેવામાં આવે તેવી પૂરી શક્યતાઓ જણાઈ રહી છે. આ સમગ્ર ઘટનાક્રમ જોતાં, તાત્કાલિક અસરથી સ્થળ પરથી સ્લેબ ફોર્મવર્કનો તમામ સામાન દૂર કરવામાં આવે અને ગેરકાયદેસર ઊભું કરાયેલું માળખું પણ હટાવવામાં આવે તેવી માંગણી ઉઠી છે. આ સંજોગોમાં, તંત્ર દ્વારા સત્વરે કડક અને યોગ્ય નિર્ણય લેવાય તેવી અપેક્ષા જાગી છે.

### નોટીસનો જવાબ આવ્યા બાદ કાર્યવાહી કરાશે

આ અંગે નડિયાદ મનપાના ડે. કમિશ્નર રૂદ્રેશ હુદળે જણાવ્યુ હતુ કે, કબ્રસ્તાન ચોકડી પાસે ગેરકાયદેસર દુકાનો બનાવવાનું કામ ચાલતુ હતુ. તેનું કામ અમે રાતના સમયે અટકાવ્યુ હતુ અને મશીનરી પણ જપ્ત કરી હતી. તેના માટે વેરીફાય કરવા ટીમ મોકલી છે. ગેરકાયદેસર હશે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. દુકાનો બનાવનારને નોટીસો આપી છે, નોટીસનો જવાબ આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

# વીરપુરના ખેડૂતો દ્વારા નુકશાનીનું વળતર ઓછું હોવાની રજૂઆત

**હેક્ટર** દીઠ રૂ.22 હજારની રકમ બહુ ઓછી હોવાથી ખર્ચ પણ નિકળે તેમ નથી



(પ્રતિનિધિ) વીરપુર તા.13

મહિસાગર જિલ્લાના ખેડૂતો દ્વારા સરકારે જાહેર કરવામાં આવેલુ પેકેજ હેક્ટર દીઠ રૂ.22 હજાર ખૂબ જ ઓછું હોવાની રજૂઆત વીરપુરના મામલતદાર સમક્ષ કરી હતી.

મહિસાગર જિલ્લા ભારતીય કિસાન સંઘે રજૂઆતમાં જણાવ્યું હતું કે, મહિસાગર જિલ્લાના ખેડૂતોના ડાંગર, સોયાબીન, મકાઈ, બાગાયતી, પાકો કમોસમી વરસાદથી નુકશાની સામે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલું પેકેજ ખૂબ જ ઓછું છે. રાહત પેકેજથી ખેડૂતોને માત્ર એક હેક્ટરે રૂ.22 હજારની રકમ ચુકવણીથી ખેડૂતોનો ખર્ચ પણ નિકળી શકે તેમ નથી. આથી, ચાલુ સાલે ખેડૂતો 'રવિ પાક'નું વાવેતર કર્યું છે અને ઉત્પાદન થયેલી કુલ જણસ - એમએસથી ખરીદીને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓરિસ્સાની જેમ પ્રતિ મણે રૂ.200 વળતર રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે. રાજ્યમાં બંધ પડેલા પાક વિમા યોજના નિયમો અને જોગવાઈ હળવી બનાવી, પુનઃ પાક વિમો શરૂ કરવામાં આવે, વર્ષ 2025-26 દરમિયાન ખેડૂતોએ લીધેલા ધિરાણને વગર વ્યાજે સીધું ટ્રાન્સફર કરવામાં આવે, રાજ્ય સરકારની ખેડૂતોની સંવેદનશીલતા દાખવી ઘટતું કરવા માગણી છે.

# ધર્મજમાં વીજ કંપનીની પેટા કચેરીનો પ્રારંભ થશે

**ધર્મજ તથા** આસ પાસના 20 ગામના લોકોને ફાયદો થશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.13

પેટલાદના ધર્મજ ખાતે મધ્ય ગુજરાત વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીનો 14મીના રોજ પ્રારંભ કરવામાં આવશે. આ કચેરીનું ઉદઘાટન સવારે 9:30 કલાકે અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવશે. આ વીજ કચેરીથી ધર્મજ ઉપરાંત આસપાસના 20થી જેટલા ગામોની વીજ સમસ્યાનું નિરાકરણ ઝડપી આવશે.

ધર્મજ ખાતે મધ્ય ગુજરાત વીજ કંપનીની પેટા વિભાગીય કચેરી ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર સહિત 45 લોકોનો સ્ટાફ કાર્યરત બનશે. આ કચેરી શરૂ થવાથી આજુબાજુના 20 જેટલા ગામના લોકોને ફાયદો થશે. જેમાં પેટલાદ ગ્રામ્ય વિસ્તારના 14 ગામો અને તારાપુર તાલુકાના પાંચ ગામોનો સમાવેશ થાય છે. અગાઉ આ 20 ગામના 25 હજાર લોકો એમજીવીસીએલ કચેરીનું કામકાજ હોય તો પેટલાદ ખાતે જવું પડતું હતું. તેના બદલે ધર્મજ ખાતેથી જ ગ્રાહકોને સુવિધા ઉપલબ્ધ થશે. જેમાં લાઈટ બિલની ફરિયાદ, નવું કનેક્શનનો ત્વરિત નિકાલ થશે. આ ઉપરાંત આ 20 ગામના લોકો વીજ બિલ પણ ધર્મજ ખાતે જ ભરી શકશે. આ ઉપરાંત લાઈનોનું રીપેરીંગ કામ પણ ઝડપથી થશે, તેમ એમજીવીસીએલના પેટલાદ વિભાગના કાર્યપાલક ઈજનેર જી. એસ. પટેલ દ્વારા જણાવાયું આવ્યું છે.

# વીરપુરના ખરોડમાંથી રણજીતપુરાની અલગ પંચાયત કરવા ગ્રામજનોની માગ

**વસતી** અને વિસ્તારની દ્રષ્ટિએ મોટી પંચાયત હોવાથી ગ્રામજનોને પડતી હાલાકી

(પ્રતિનિધિ) વીરપુર તા.13

વીરપુર તાલુકાની ખરોડ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ઠ રણજીતપુરાને અલગ ગ્રામ પંચાયત આપવા ગ્રામજનોમાં માગણી ઉઠી છે. ખરોડ ગ્રામ પંચાયતનો વિસ્તાર મોટો હોવાથી વિકાસના ફળ ચાખવા મળ્યાં નથી.

ખરોડ ગામના રણજીતપુરાના ગ્રામજનોએ મામલતદાર સમક્ષ રજૂઆત કરી હતી કે, રણજીતપુરા, ખડક અને વક્તાપુર વિસ્તાર ખરોડ પંચાયતમાં આવેલા છે. તે વસતી અને વિસ્તારને આધારે બહુ મોટી પંચાયત છે. આ ખરોડ ગ્રામ પંચાયતમાંથી રણજીતપુરા પંચાયત વિભાજન માટે તાલુકા વિકાસ અધિકારીને પુર્તતાની ફાઈલ પહોંચાડવામાં આવી છે. આ અંગે તાત્કાલિક પગલાં ભરવા માગણી કરવામાં આવી હતી.



તસવીર: નાથુસિંહ પરમાર

### રણજીતપુરામાં કેબલ ચોરીની વધતી ફરિયાદો

વીરપુરના રણજીતપુરા ગામમાં છેલ્લા કેટલાક સમયથી કુવા તથા બોરના કેબલની ચોરીની ફરિયાદો ઉઠી છે. આ અંગે મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, સીમમાંથી અવાર નવાર કુવા અને બોરમાંથી મોટર કેબલની ચોરીના બનાવ બની રહ્યાં છે. બે મહિનામાં છથી સાત કુવાના બોરના કેબલ ચોરી થયા છે. આ ઉપરાંત વારંવાર કુવા પર આવેલા ટીસી, ડીપીમાંથી પણ ઓઇલ ચોરી જાય છે.

# ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતીની ઉજવાશે

**આણંદમાં** આજે પુરવઠા મંત્રી વિશેષ ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.13

આણંદ અને નડિયાદ ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત આણંદમાં 14મી અને ખેડા જિલ્લામાં 15મીના રોજ ઉજવણીને લઈ વહીવટી તંત્ર દ્વારા તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

આણંદ ખાતે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં સરદાર પટેલ સભા ગૃહ, અમૂલ ડેરી, આણંદ ખાતે તારીખ 14મી નવેમ્બર 2025 ને શુક્રવારના રોજ સવારે 11:30 કલાકે આ કાર્યક્રમની ઉજવણી જિલ્લા વહીવટી તંત્ર આણંદ દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મહેસુલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા અને નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, સાંસદ મિતેશભાઈ પટેલ સહિત આણંદ જિલ્લાના ધારાસભ્યો પણ ઉપસ્થિત રહેશે.

નડિયાદની એસ.જી.પટેલ પ્રાથમિક શાળા ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી નિમિતે જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. નોંધનીય છે કે આ કાર્યક્રમનું સ્થળ બદલવામાં આવ્યું છે. અગાઉ આંબેડકર હોલ નડિયાદ ખાતે આયોજિત આ કાર્યક્રમને હવે સલુણ બજાર પોલીસ ચોકી પાસેની એસ.જી. પટેલ પ્રાથમિક શાળા, નડિયાદ ખાતે યોજવામાં આવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદ ખાતે ગાંધીજીવન મુલ્યોની જાગૃતિ આપતા વિવિધ કાર્યક્રમો યોજાયા

**નડિયાદ** | નડિયાદમાં ગુજરાત વિદ્યાપીઠની ટીમ દ્વારા ગાંધીજીવન મૂલ્યોની જાગૃતિ હેતુ વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં ભારતીય



વિદ્યાભવન નરસંડા, બીએમ પટેલ હાઇસ્કુલ, લક્ષ્મીનારાયણ હાઇસ્કુલ વડતાલ, દિલ્હી પબ્લિક સ્કૂલ, મહાત્મા ગાંધી વિદ્યાલય, કણજરી નડિયાદ રૂરલમાં કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠનો પરિચય, સ્વાવલંબન પદયાત્રાનો હેતુ, સ્નાતક અભિયાન, સરદાર પટેલની 150મી જન્મજયંતી, સ્વદેશી અભિયાન તથા સ્વાવલંબનના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ અવસરે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના હિન્દી વિભાગના પ્રોફેસર ડોક્ટર રામગોપાલસિંહ, સચિનભાઈ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી જોડાયા હતા.

### કઠલાલના અપ્રુજી અને ચેલાવત ગામે પ્રાકૃતિક કૃષિ પર તાલીમ શિબિર યોજાઈ

**કઠલાલ** | કઠલાલ તાલુકાના અપ્રુજી અને ચેલાવત ગામમાં પ્રાકૃતિક કૃષિના વ્યાપક પ્રચાર-પ્રસારના ઉદ્દેશ્ય સાથે ભવ્ય ખેડૂત તાલીમ



શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં ઉત્સાહી ખેડૂતોએ ભાગ લીધો હતો. જેઓ રાસાયણિક મુક્ત ખેતી તરફ વળવા માટે તત્પર હતા. શિબિરના મુખ્ય વક્તા તરીકે કઠલાલ તાલુકા પ્રોજેક્ટ મેનેજર સુરેશકુમાર સોઢા તથા સીઆરપી (કોમ્યુનિટી રિસોર્સ પર્સન) નટુભાઈ ઝાલા અને રવજીભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ખેડૂતોને ગોળ, ગૌમૂત્ર, છાણ અને કઠોળના લોટ જેવા સ્થાનિક ઘટકોનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે ઉત્તમ ખાતર બનાવવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના ભાઈલાકૂઈ પ્રાથમિક શાળા ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કેન્દ્ર સરકારના નેશનલ હેલ્થ મિશન પ્રેરિત રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય ટીમ પીએસસી આંત્રોલી દ્વારા ભાઈલાકૂઈ પ્રાથમિક



શાળા ખાતે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સીએસસી આંત્રોલીના ઉત્સાહી તબિયત ડો. જયેશભાઈ પટેલે દરેક બાળકની જાત ચકાસણી કરી હતી. સાથે સાથે બાળકોને વિવિધ રોગો, તેમાંથી બચવાના ઉપાયો, શરીરમાં લોહીનુ વધારવા માટેના ખોરાકો, દૂધ વિવિધ ફળો માંથી મળતા વિટામીન, સંતુલીત આહાર, તથા હાથ ધોવાની રીતો, ફાયદા વગેરેની સમજ આપી હતી. આ ઉપરાંત પ્રિયંકાબેન પટેલ (ફાર્મસીસ્ટ), બીજલબેન પટેલે (ફિમેલ હેલ્થ વર્કર) વિગેરે હાજર રહ્યાં હતાં અને શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમથી બાળકોને ઋતુ આધારિત ખોરાક, દૂધ, રોગોથી બચવાના ઉપાયોની ઉંડાણપૂર્વકની સમજ આપી હતી.

### કપડવંજની સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગના છાત્રો દ્વારા ન્યુમોનિયાની જાણકારી આપી

**કપડવંજ** | કપડવંજમાં સંકલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ વિશ્વ ન્યુમોનિયા દિવસ



નિમિત્તે કપડવંજ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ન્યુમોનિયા રોગના લક્ષણો અને તેની સારવાર માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ લોકોને માહિતગાર કર્યાં હતાં.

### કપડવંજ કોલેજના અંગ્રેજી વિષયના પ્રો. શેન દેસાઇનું પુસ્તક પ્રકાશિત કરાયું

**કપડવંજ** | કપડવંજની શાહ કેએસ આર્ટ્સ એન્ડ વીએમ પારેખ કોમર્સ કોલેજના અંગ્રેજી વિભાગના પ્રો. શેન દેસાઈએ માત્ર 27 વર્ષની



ઉંમરે પોતાનું પ્રથમ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પુસ્તકનું શીર્ષક 'થિયોરિટીકલ એન થીમેટીક પરસ્પેક્ટીવ્સ ઓન વન પાર્ટ વુમેન બાય પેરુમલ મુરુગન, ટ્રાન્સલેટરટેડ બાય અનિરુદ્ધન વાસુદેવન' છે. આ પુસ્તકનું સહલેખન માનવતા અને સામાજિક વિજ્ઞાન વિભાગના વડા તથા ફેકલ્ટી ઓફ હ્યુમેનિટીઝ, ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ચાંગાના ડીન ચારૂસેટ, ડો.ભાસ્કર કનૈયાલાલ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું છે. પુસ્તકનું પ્રકાશન ઇન્ટરનેશનલ સોસાયટી ફોર એજ્યુકેશનલ લીડરશિપ દ્વારા કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ બદલ કોલેજના કાર્યકારી આચાર્ય તથા અધ્યાપકોએ તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં.

### કપડવંજમાં વંદે માતરમ ગીત અને સ્વદેશી અપનાવવા શપથવિધિ કાર્યક્રમ યોજાયો

**કપડવંજ** | કપડવંજ કેળવણી. મંડળ સંચાલિત શાહ કેએસ આર્ટ્સ એન્ડ વીએમ પારેખ કોમર્સ કોલેજ કપડવંજમાં વંદે માતરમ ગીતના



150 વર્ષ પૂર્ણ થવાના અવસરે તેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમૂહમાં વંદે માતરમનુ ગાન કરી વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુ ઓના ઉપયોગ કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય પ્રો.એ. બી.પંડાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યુ હતું. ડો. અપારનાથીએ વંદે માતરમ ગીતનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડો. મુકેશ આહીરે અને આભાર દર્શન ડો. જગદીશભાઈ પટેલે કર્યુ હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

### તારાપુરના ખાખસર ગામની શાળામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મેળો યોજાયો

**તારાપુર** | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલાસણ માર્ગદર્શિત બીઆરસી ભવન તારાપુર દ્વારા ખાખસર ગામમાં પ્રાથમિક શાળા ખાતે



તારાપુર તાલુકા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે તારાપુર તાલુકા સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, તારાપુર તાલુકા પંચાયત પ્રમુખ, જીલ્લા પંચાયત સભ્યો, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, તાલુકા શિક્ષણાધિકારી, વિવિધ સ્કૂલોમાંથી કૃતિઓ સાથે પધારેલા વિદ્યાર્થી, ગામના આગેવાનો ,શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### પેટલાદના પંડોળી ગામમાં નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ યોજાયો

**પેટલાદ** | સોજીત્રા વિધાનસભામાં આવતા પેટલાદ તાલુકાની પંડોળી જીલ્લા પંચાયત સીટનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહ સોજીત્રા



વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પંડોળી મુકામે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પેટલાદ તાલુકા સંગઠન પ્રમુખ રાજેશભાઈ ઠાકોર, પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખ સોનલબેન પટેલ, જીલ્લા પંચાયત સભ્ય મંગુબેન જગદીશભાઈ સોલંકી, પૂર્વ પ્રમુખ અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય, પુર્વ મહામંત્રી નવિનભાઈ, ગામના સરપંચ, ડે. સરપંચ, સંગઠનના હોદ્દેદારો, પદાધિકારી, કાર્યકર્તા, આગેવાનો, વિવિધ ગામના સરપંચો તથા ભાઈ - બહેનો મોટી સંખ્યામાં ઉપપસ્થિત રહ્યાં હતાં.

### વિદ્યાનગરની આઈબી પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં 'શાંતિ દાન અભિયાન'નો પ્રારંભ કરાયો

**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈબી પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીયા વિશ્વવિદ્યાલય દ્વારા



હીરક જયંતિ ઉજવણીના અનુસંધાને 'શાંતિ દાન અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બ્રહ્માકુમારી વલ્લભ વિદ્યાનગર સેન્ટરનાં રાજયોગના અભ્યાસી બહેનો અને ભાઈઓએ વિદ્યાર્થીઓને વિશ્વશાંતિ માટે અપીલ કરી અને ધ્યાન તથા કોમેન્ટ્રી દ્વારા શાંતિનો સંદેશો આપ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને ઓછામાં ઓછી પાંચ મિનિટથી એક કલાક સુધી શાંતિ દાન કરવા માટે પ્રેરણા આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય ભાવેશભાઈ ભટ્ટએ બ્રહ્માકુમારી સંસ્થાનો તથા ઉપસ્થિત રાજયોગી બહેનો અને ભાઈઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### બાકરોલના આત્મીય વિદ્યાધામના પ્રબોધ જીવન સ્વામીજીનું વડોદરામાં સ્વાગત કરાયું



**આણંદ** | ચરોતર પંથકના આત્મીય વિદ્યાધામ બાકરોલના હરિપ્રબોધન પરિવારના પ્રાણધાર પ્રગટ ગુરુ હરિ પરમ પૂજ્ય પ્રબોધ જીવન સ્વામીજી વડોદરાના વાઘોડિયા રોડ ખાતે પહેલું સુખ તે જાતે નર્યા આરોગ્ય લક્ષી સેવાઓ આપતી સંસ્થા સવિતા હોસ્પિટલ, વૃંદાવન હોસ્પિટલ, આશ્રય મેડિસિન ખાતે પધારતા ભક્તિ સભર સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમા ડોકટર્સ ટીમ, વિવિધ સેવા ભાવી સંસ્થાના આગેવાનો ઉપરાંત વૈષ્ણવ સમાજના અગ્રણી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ હોસ્પિટલમાં દર્દીઓને ખબર અંતર પૂછીને તમામને આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

### આણંદના કપાસીયા બજારના સ્વામિનારાયણ હરિ મંદિરમાં પાટોત્સવ યોજાશે

**આણંદ** | આણંદ શહેરના કપાસીયા બજારમાં નંદ સંતો પૈકીના સદ્ અદભુતાનંદ સ્વામી દ્વારા સ્વયં સ્થાપીત સ્વામિનારાયણ હરિ મંદિરનો પાટોત્સવ 16મી નવેમ્બર, 2025ના કારતક વદી બારસના રવિવારના રોજ યોજાશે. પ્રસાદીભૂત રોકડીયા હનુમાનજી મંદિરના મહંત સદ્ ભક્તવત્સલ દાસજી સ્વામી ગુરુ ધ્યાની સ્વામીજીના આયોજન પદે ભવ્ય રીતે ઉજવાશે. આ પાટોત્સવની આગલી રાત્રિના શનિવારે રાત્રે 8-30થી 11-00 સુધી એકાદશી જાગરણ ભજન સંધ્યા સંતોની ઉપસ્થતિમાં યોજાશે. 16મીને રવિવાર સવારે 7-15 થી 8-00 સુધી દીવ્ય અભિષેક, સવારે 8-30 કલાકે શ્રી હરિયાગની શરૂઆત સંતોના હસ્તે, અન્નકુટ આરતી સવારે 10-00 કલાકે. યજ્ઞની પૂર્ણાહુતી સાંજે 5-30 કલાકે ત્યારબાદ દીવ્ય સંતો વાણી-આશીર્વાદ સભા અને ભોજન પ્રસાદ સાંજે 7-00 કલાકે રાખેલો છે.